# ગાંધીનગરમાં ચાર દિવસ ઓરેન્જ એલર્ટ

## મહત્તમ તાપમાન ૪૩ ડિગ્રીથી વધુ રહેશે : બપોરે લૂ ફુંકાશે : લોકોને કામ વિના ઘરની બહાર ન નીકળવા અપીલ

ગાંધીનગર, તા. ૧૦

મે મહિનાના પ્રારંભ સાથે જ ઉનાળાના અસલી મિજાજનો પરચો થઈ રહ્યો છે. આકાશમાંથી આગ ઝરતો તડકો વરસી રહ્યો છે. જેના કારણે તાપમાનો પારો સડસડાટ ઉપર જઈ રહ્યો છે. મહત્તમ તાપમાન ૪૨.૯ ડિ.સે. પર પહોંચતા આજે શહેરની સિઝનની રેકોર્ડબ્રેક ગરમી નોંધાઈ હતી. આગામી ચાર દિવસ માટે હવામાન વિભાગે ઓરેન્જ એલર્ટ જાહેર કર્યુ છે અને મહત્તમ તાપમાન ૪૩ ડિગ્રીથી વધુ રહેવાની આગાહી કરવામાં આવી છે.

રાજયના પાટનગરમાં ગરમીના પ્રકોપ જોવા મળી રહ્યો છે. મે મહિનાના પ્રારંભ સાથે જ મહત્તમ તાપમાન તબક્કાવાર વધી રહ્યુ છે. હજુ દસેક દિવસ અગાઉ ૩૫-૩૬ ડિગ્રી રહેલુ મહત્તમ તાપમાન વધતુ વધતુ ૪૩ ડિગ્રી સુધી પહોંચી ગયુ છે. ગરમીનો પ્રકોપ છેલ્લા ચાર દિવસથી વધુ રહ્યો છે. આકાશમાંથી આગ વરસતી હોય તેવો તડકો પડી રહ્યો છે. બપોરના સમયે તો તડકામાં જરાય ઉભા ન રહી શકાય તેવો આકરો તડકો પડે છે. ઘરમાં અને ઓફિસોમાં પંખા નીચે પણ લૂ ફુંકાતી હોય તેવો અનુભવ થાય છે. આ સિઝનમાં અત્યાર સુધી ન અનુભવાયેલી ભીષણ ગરમી હાલમાં પડી રહી છે. આગ ઓકતી ગરમીની સામાન્ય જનજીવન પર અસર જોવા મળી રહી છે. બપોરના સમયે શહેરના સેક્ટરો એકદમ સુમસામ બની જાય છે. વસાહતીઓ ઘરની બહાર નીકવાનુ ટાળી રહ્યા છે. બજારો પણ બપોરે ૧૧ થી સાંજે ૫ વાગ્યા સુધી સાવ અવરજવર વિનાના થઈ જાય છે. આકરી ગરમીથી બચવા માટે રાહદારીઓ ઠંડા પીણાની મદદ લઈ રહ્યા છે. રસના કોલા અને કોલ્ડ્રીંકની દુકાનો તથા આઈસક્રીમ પાર્લરો પર ભીડ જોવા મળી રહી છે.

ગાંધીનગર સહિત મોટાભાગના શહેરોમાં ભીષણ ગરમીનો અનુભવ થઈ રહ્યો છે. ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છના મોટાભાગના શહેરોમાં મહત્તમ તાપમાન ૪૨ ડિગ્રીથી વધુ નોંધાયુ છે. આગામી દિવસોમાં મહત્તમ તાપમાન ૪૪ ડિગ્રીએ પહોંચી શકે છે. ગાંધીનગર શહેરમાં આગામી ૪ દિવસ કાળઝાળ ગરમી પડી શકે છે. ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશને આગામી ૪ દિવસ માટે ઓરેન્જ એલર્ટ આપ્યું છે. વસાહતીઓને કામ વિના ઘરની બહાર ન નીકળવા અપીલ કરવામાં આવી છે. વધુમાં વધુ પાણી પીવા અને શરીરને ઠંડુ રાખવા અપીલ કરાઈ છે. ઓરેન્જ એલર્ટ દરમ્યાન લૂ ફૂંકાવવાની સંભાવનાઓ હોઈ ધ્યાન રાખવા જણાવ્યુ છે.

### હીટસ્ટ્રોકના લક્ષણો

- માથુ દુઃખવુ, પગની પીંડીમાં કળતર
- શરીરનું તાપમાન વધી જવુ
- ખુબ તરસ લાગવી
- પરસેવો, પેશાબ ન થવો
- ચામડી લાલ, સુકી થવી
- ઉલટી, ઝાડા, ઉબકા, ચક્કર આવવા
- આંખે અંધારા આવવા, બેભાન થઈ જવુ
- મુંઝવણ થવી
- ખેંચ આવવી

### ગરમીથી બચવાના ઉપાયો

- હીટવેવ દરમ્યાન બહાર ન નીકળવુ
- ખુબ પાણી પીવુ
- સફેદ, સુતરાઉ કપડા પહેરવા
- છત્રીનો ઉપયોગ કરવો
- લીંબુ શરબત, મોળી છાશ, નાળિયેરનું પાણી, ઓ.આર.એસ. પુષ્કળ પીવુ
- બહારનુ ખાવાનુ ટાળવું
- ઉપવાસ ટાળવો
- ભારે શારીરિક પ્રવૃત્તિ ટાળો



### ઓરેન્જ એલર્ટમાં કેટલું તાપમાન રહેશે

ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા હીટ એક્શન પ્લાન-૨૦૨૩ અમલમાં મુકવામાં આવ્યો છે. જેના અનુસંધાને આઈએમડી દ્વારા આવનારા દિવસોમાં ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારમાં કેટલુ તાપમાન રહેશે તેનું અનુમાન નીચે મુજબ છે.

૧૦-૫-૨૩ના રોજ એલર્ટ મુજબ આવનારા દિવસોનું તાપમાન નીચે મુજબ રહેશે.

| તારીખ | સંભવીત તાપમાન (સેન્ટીગ્રેડ) | એલર્ટ |
|---|---|---|
| ૧૦-૫-૨૩ | ૪૩ | ઓરેન્જ |
| ૧૧-૫-૨૩ | ૪૩ | ઓરેન્જ |
| ૧૨-૫-૨૩ | ૪૩ | ઓરેન્જ |
| ૧૩-૫-૨૩ | ૪૩ | ઓરેન્જ |

### છેલ્લા ચાર દિવસનું શહેરનું તાપમાન

| તારીખ | મહત્તમ તાપમાન | લઘુત્તમ તાપમાન |
|---|---|---|
| ૭ મે | ૪૦.૫ | ૨૬.૫ |
| ૮ મે | ૪૧.૪ | ૨૭.૦ |
| ૯ મે | ૪૨.૮ | ૨૭.૪ |
| ૧૦ મે | ૪૨.૯ | ૨૮.૫ |

# નવા સેકટરોમાં બે દિવસથી પાણીનો કકળાટ

## સરિતામાં ટ્રાન્સફર્મર બળી જતા સમસ્યા સર્જાઇ જો કે રીપેરીંગ પુર્ણ થતા આજથી રાબેતા મુજબ સપ્લાય અપાશે

ગાંધીનગર તા ૧૦

ગાંધીનગરમાં ગરમી પ્રકોપ વધતા પાણીનો વપરાશ પણ વધ્યો છે. જયારે આ સ્થિતિ વચ્ચે છેલ્લા બે દિવસથી શહેરના નવા સેકટરોમાં પુરતા ફોર્સથી પાણી ન આવતુ હોવાનો રોષ પ્રબળ બન્યો છે. સરિતામાં ટ્રાન્સફર્મર બળી જતા સેકટરોમાં અપાતો સપ્લાય પણ પ્રભાવિત થયો છે. જો કે રીપેરીંગ કામગીરીના અંતે હવે આજથી રાબેતા મુજબ સપ્લાય આપવામાં આવશે. કાળઝાળ ગરમીના દિવસોમાં પાણીની જરૂરિયાત વધી જાય છે. ત્યારે શહેરમાં સમયાંતરે ઉઠતી પાણીની પોકારને ડામવા માટે સેકટરોમાં પુરતા ફોર્સથી પાણી સપ્લાય કરવામાં આવે તેવી માંગણી પણ પ્રબળ બની છે.

ગાંધીનગરમાં આકરી ગરમીના દિવસોમાં નવા સેકટરોમાં પાણીની પોકાર ઉઠવા પામી છે. છેલ્લા બે દિવસથી નવા સેકટરોમાં ફોર્સથી પાણી આવતુ નથી. ઉનાળાના પ્રાંરભથી જ સેકટરોમાં પાણી પુરતા ફોર્સથી આવતુ ન હોવાની ફરિયાદો વારંવાર ઉઠવા પામે છે. જયારે પાણી પુરવઠા બોર્ડ દ્વારા તંત્રને પુરતો સપ્લાય ન અપાતા પાણીની ખેંચનો પ્રશ્ન ઉદભવ્યો હોવાનો રોષ ચરમસીમાએ પહોંચતા આ મામલે અગાઉ મુખ્યમંત્રી સુધી રજુઆતો થઈ હતી ગાંધીનગરમાં એક અંદાજ મુજબ દેશમાં સૌથી વધુ માથાદીઠ વપરાશ હોવાનુ મનાય છે. શહેરમાં ૨૪ કલાક સપ્લાય આપવા માટે પાણીની નવી લાઈન નાંખવાનુ કામ પણ હાથ ધરવામાં આવી રહ્યુ છે. પરંતુ હજુ આ પ્રોજેકટની કામગીરી પુર્ણ થતા સમય લાગશે જયારે હાલ ગરમીના દિવસોમાં પાણીનો વપરાશ આમ પણ વધી જાય છે. આવા સંજોગોમાં સેકટરોમાં પુરતા ફોર્સથી સપ્લાય ન અપાતા વારંવાર સેકટરવાસીઓ હાલાકી વેઠી રહ્યા છે. છેલ્લા કેટલાક સમયથી પાણીની સમસ્યા

● અનુસંધાન પાન-૭ પર

# માણસાની વૃધ્ધાનું કોરોનામાં મોત

## સાડા સાત મહિના પછી જિલ્લામાં કોરોનાથી નવા વર્ષમાં પ્રથમ મોત : આજે માણસાના ગ્રામ્યવિસ્તારમાંથી વધુ એક કેસ નોંધાયો

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર જિલ્લામાં કોરોનાને કારણે આજે સાડા સાત મહિના બાદ આ વર્ષનું પ્રથમ મોત નોંધાતાં તંત્રમાં ઘેરા શોકની લાગણી પ્રસરી જવા પામી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં માણસા તાલુકામાં નોંધાયેલ મહિલા દર્દીનું આજે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમ્યાન મોત થયુ હતુ. આ મહિલા દર્દીને સારવાર માટે માણસા ડિસ્ટ્રીક્ટ સબ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ આ પછી સઘન સારવાર જરૂરી જણાતાં તેણીનેને ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ટ્રાન્સફર કરવામાં આવેલ જ્યાં આજે સારવાર દરમ્યાન ૭૦ વર્ષીય વૃધ્ધાનું મોત થયુ છે.

તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે આ મહિલા કો-મોર્બીડ હતુ. વૃધ્ધાને ડાયાબીટીસ અને બી.પી.ની બિમારી પણ ધરાવતા હતા.

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આ

● અનુસંધાન પાન-૭ પર

# મનપામાં છેલ્લા ૪ મહિનામાં ૪૦૪૮ નવી મિલ્કતો વધવા પામી

## મનપામાં મિલ્કતવેરાની આવકમાં નવી મિલ્કતોથી ૨.૮૦ કરોડનો વધારો થશે

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં પ્રથમ ચાર માસમાં જ ૪ હજારથી વધુ નવી મિલ્કતો નોંધાઈ છે.

ગાંધીનગર મનપા દ્વારા નવી મિલ્કતો શોધવા તેમજ તેની આકારણી માટેની ઝુંબેશ દરમ્યાન આ મિલ્કતો મળી હોવાનું જાણવા મળેલ છે. નવી મળી આવેલ મિલ્કતો દક્ષિણ ઝોનમાં વધુ મળી હોવાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર મનપામાં આવકનું સ્ત્રોત મિલ્કત વેરાની આવક બની રહી છે. મનપાનુ બજેટ પાછલા બે વર્ષમાં રૂ. ૩૦૦ કરોડથી વધીને રૂ. એક હજાર કરોડની નજીક પહોંચી ગયુ છે. ત્યારે શહેરની સમૃદ્ધિ અને મનપાની આવકમાં પણ ઉછાળો આવી રહ્યો છે.

મળતી વિગતો પ્રમાણે ૨૦૨૧ના વર્ષમાં મનપા વિસ્તારમાં ૬૯ હજાર જેટલી મિલ્કતો હતી. જે ૨૦૨૨માં વધીને એક લાખ ૭૬ હજાર જેટલી થઈ હતી. આ સાથે મિલ્કતવેરાનું માગણુ રૂ. ૨૬.૪૦ કરોડથી વધીને રૂ. ૮૦.૪૩ કરોડ પર પહોંચ્યુ હતુ.

### આ વર્ષે ૨૧,૫૭૧ મિલ્કતધારકોએ એડવાન્સ વેરો ભરી રાહત યોજનાનો લાભ લીધો

નવા નાણાંકીય વર્ષમાં મનપાને મિલ્કતવેરાની આજ સુધીમાં રૂ. ૮.૯૩ કરોડથી વધુની આવક થઈ છે.

મનપાને મિલ્કતવેરો એડવાન્સ ભરનારને અપાતા ૧૦ ટકા રિબેટને કારણે આવક વધી રહી છે. જો કે બિલોનું વિતરણ હજુ ચાલુ છે અને વળતર યોજના પૂર્ણ થવાને આડે ૨૦ દિવસનો સમય બાકી છે.

મનપાના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આજે મનપાને મિલ્કતવેરાની આવક ૩૬.૮૩ લાખ થઈ છે. મનપામાં અત્યાર સુધીમાં ૨૧,૫૭૧ જેટલા મિલ્કતધારકોએ મિલ્કતવેરો એડવાન્સ ભરી અને વળતર યોજનાનો લાભ લીધો છે.

૩૧મી માર્ચે પુરા થયેલા નાણાંકીય વર્ષમાં મિલ્કતવેરાની આવક ૬૫ ટકાને પાર થઈ હતી અને રૂ. ૫૬ કરોડ જેટલી આવક મેળવી હતી.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થયેલી વિગતો પ્રમાણે છેલ્લા ૪ મહિનામાં નવી નોંધાયેલી મિલ્કતોમાંથી મનપાને રૂ. ૨.૮૦ કરોડ જેટલી આવક વધુ થશે.

આ નવા નાણાંકીય વર્ષમાં મિલ્કતવેરાના દરમાં રૂ. ૧.૨૫ અને ૨.૨૫ રૂ.ના કરાયેલા વધારા પછી મિલ્કતવેરાની આવક ૧૦ કરોડને પણ પાર થશે તેવા અંદાજ છે.

ન્યુ ગાંધીનગરના વિસ્તારોમાં મોટા પાયે નવી સ્કીમો બની રહી હોવાથી ટેક્સ ખાતા દ્વારા વિશેષ અભિયાન હાથ

● અનુસંધાન પાન-૭ પર

# કલોલ ખાતે ગોઝારા અકસ્માતમાં ૫નાં મોત

## મુસાફરો માટે ઉભી રહેલી એસટી બસની પાછળ ધડાકાભેર લકઝરી બસ ઘુસી ગઈ : બસની રાહ જોઈ ઉભા રહેલા મુસાફરો રેલીંગ અને બસના ટાયર નીચે ચગદાઈ ગયા : ૯ મુસાફરો ઈજાગ્રસ્ત

ગાંધીનગર, તા.૧૦







કલોલ અંબિકા બસ સ્ટેન્ડ ખાતે વહેલી સવારે ગમખ્વાર અકસ્માત થયો હતો. જેમાં મુસાફરો માટે ઉભી રહેલી એસટી બસની પાછળ ધડાકાભેર લકઝરી બસ ઘુસી ગઈ હતી. ત્યારે બસની રાહ જોઈ ઉભા રહેલા મુસાફરો રેલીંગ અને બસના ટાયર નીચે ચગદાઈ ગયા હતા. મૃતકોની ચીસોથી વાતાવરણ ગમગીન બની ગયું હતું. આ અકસ્માતમાં ૫ વ્યકિતના મૃત્યુ નિપજયા હતા. જયારે ૯ મુસાફરો ઈજાગ્રસ્ત થયા હતા.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ કલોલ અંબિકા બસ સ્ટેન્ડ પાસે મુસાફરો પોતાના કામ-ધંધાઅર્થે જવા માટે બસની રાહ જોઈને ઉભા હતા. તે સમયે જી.જે.૧૮.ઝેડ-૮૮૮૧ નંબરની બસ રોડ પર ઉભી હતી. તેની આગળ મુસાફરો બસ અને વાહનની રાહ જોઈ રહ્યા હતા. આ સમય દરમિયાન પાછળથી આવતી લકઝરી બસ નં. એ.આર.૦૧.ક્યુ.-૭૨૯૧ ના ચાલકે પુરપાટ ઝડપે અને ગફલતભરી રીતે હંકારી એસટી બસને પાછળથી ધડાકાભેર ટકરાઈ હતી. જેથી બસ આગળની બાજુએ અચાનક જોરથી ગઈ હતી. તે સમયે બસની આગળ ઉભા રહેલા મુસાફરો બસની અડફેટે આવી ગયા હતા. આ ગમખ્વાર અકસ્માતમાં પાંચ મુસાફરોએ જીવ ખોયો છે.જયારે ૯ જેટલા મુસાફરો ઈજાગ્રસ્ત થયા છે. બનાવને પગલે સ્થાનિક નાગરીકો મોટીસંખ્યામા બચાવ કામગીરી માટે દોડી આવ્યા હતા. જયારે બનાવની જાણ થતા પોલીસ અધિકારી-કર્મચારીઓ તેમજ ૧૦૮ ની ટીમ પણ આવી પહોચી હતી. બસના ટાયર અને

● અનુસંધાન પાન-૭ પર

### ઈજાગ્રસ્તોના નામ

- અમરતભાઈ ચૌહાણ
- મહંમદ સલીમ શેખ
- વિક્રમભાઈ પ્રજાપતિ
- કલ્પેશ સેંધાભાઈ પંચાલ
- વનિતાબેન સુરેશભાઈ નાયી
- હેમંતકુમાર બુધ્ધીલાલ રાણા

સહિત અન્ય બે ને શરીરે નાની મોટી ઈજા પહોંચી છે.

### મૃતકોના નામ

- સાવન સુરેશભાઈ દરજી ઉં.૨૧ રહે. કલોલ
- શારદાબેન રોહિતભાઈ જાગરીયા, ઉં.૫૦ રહે ગોપાલનગર છાપરા મુળ રહે અમદાવાદ
- બળવંતજી કાળાજી ઠાકોર ઉં.૪૫ રહે. પિયજ ગામ તા.કલોલ
- પાર્થ ગુણવંતભાઈ પટેલ ઉં.૨૧, રહે કલોલ
- વિહોલ દિલિપસિંહ મનુજી ઉં.૪૮ રહે કલોલ

### મુખ્યમંત્રીએ દુઃખ વ્યકત કર્યું, સરકાર દ્વારા મૃતકોના પરીવારજનોને રૂ.૪ લાખ સહાય

રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે ટવીટ કરીને જણાવ્યું કે કલોલમાં થયેલા અખસ્માતમાં નિર્દોષ મુસાફરોએ જીવ ગુમાવ્યો એ ખુબ દુઃખદ છે. જીવ ગુમાવનાર મૃતકોના સ્વજનો પ્રત્યે આત્મીય સંવેદના વ્યકત કરુ છું. ઈજાગ્રસ્તો ઝડપથી સાજા થાય તેવી ઈશ્વરને પ્રાર્થના કરુ છું. રાજય સરકાર મૃતકોના પરિવારજનોને રૂ.૪ લાખ અને ઈજાગ્રસ્તોને રૂ.૫૦ હજારની સહાય કરશે.

## જાહેર નિવિદા

૧૫ માં નાણાપંચ હેઠળ આરોગ્ય શાખા ગાંધીનગર મહાનગર પાલિકા નિયંત્રણ હેઠળના અર્બન પ્રાયમરી હેલ્થ સેન્ટર, સેક્ટર-૨૪, સેક્ટર-૨૯ અને પાલજ ખાતે પોલીક્લીનીક કાર્યરત કરવાના હોઈ, જે અન્વયે યોગ્ય લાયકાત ધરાવનાર નિષ્ણાંત તજજ્ઞો અઠવાડીયામાં એક દિવસ સેવાઓ આપવા રસ ધરાવતા હોય તેવા નિષ્ણાંત તજજ્ઞો જેવા કે **સ્ત્રીરોગ નિષ્ણાંત, બાળરોગ નિષ્ણાંત, હાડકાના રોગોના નિષ્ણાંત, જનરલ ફિઝીશિયન, ચામડીના રોગોના નિષ્ણાંત તથા આંખના નિષ્ણાંત** જેઓએ લાયકાત સંબંધિત દસ્તાવેજોની નકલ તેમજ અસલ પ્રમાણપત્રો સાથે નિમ્ન સ્થળે અને સમયે રાખેલ **'વોક ઈન ઈન્ટરવ્યુ'**માં હાજર રહેવા આથી જાણ કરવામાં આવે છે.

નોંધ : જાહેરાતને સંબંધિત અન્ય તમામ માહિતી ઈન્ટરવ્યુના દિવસે રૂબરૂ આપવામાં આવશે.

**વોક ઈન ઈન્ટરવ્યુ**

સ્થળ : ધી અર્બન હેલ્થ સોસાયટી, પ્રથમ માળ, આરોગ્ય શાખા, પંડિત દીનદયાળ ઉપાધ્યાય ભવન, ફાયર સ્ટેશનની પાછળ, સેક્ટર-૧૭, ગાંધીનગર મહાનગરપાલીકા, ગાંધીનગર

સમય : તા : ૧૨/૫/૨૦૨૩, સવારે ૧૧-૦૦ કલાકે

મેડીકલ ઓફીસર ઓફ હેલ્થ
ગાંધીનગર મહાનગરપાલિકા

જાહેરાત ક્રમાંક : /૨૦૨૩

Children's UNIVERSITY

## ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર

## જાહેર નિવિદા

નાણાકીય વર્ષ : ૨૦૨૩-૨૪ના હિસાબો ટેલીમાં લખવા અને વૈદ્યાનિક કપાત અંગેની કામગીરી માટે ગાંધીનગર / અમદાવાદની રસ ધરાવતી પેઢી પાસેથી તા. ૨૦/૫/૨૦૨૩ સુધીમાં સીલબંધ કવરમાં ભાવપત્રકો મંગાવવામાં આવે છે. વિસ્તૃત માહિતી યુનિવર્સિટીની વેબસાઈટ www.cugujarat.ac.in પર મુકવામાં આવેલી છે.

સ્થળ : ગાંધીનગર — કુલસચિવ
તારીખ : ૧૦/૫/૨૦૨૩ — ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
ASTRAL PIPES
Roff
Birla White
VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. : (ઓ) ૯૬૮૭૬ ૨૭૦૦૮
શાખા : સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૪૩૨૧૮૬, ૯૦૯૯૯૬૨૯૪૬
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, તથા બિલ્ડીંગ મટીરીયલ્સ
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યુ. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com